# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

ઉત્સવો અને મેળામાં વપરાય છે બોનસ!
રાષ્ટ્રીય સંમેલનોમાં સલવાય છે બોનસ!
પાલતુ પ્રધાનોથી સચવાય છે બોનસ!
કચવાય છે કર્મચારી ચવાય છે બોનસ!
(વર્ગ-૪નું બોનસ બંધ!)

### હાઇકુ

પ્રધાનો જેમ-
રાખો 'જાગીરદારી'-
માનસિકતા!

પોલા પ્રચારે
દીવાસ્વપ્ન પાછળ-
કરો આંધણ..

(બોનસની 'માનસિકતા' છોડો! -નાણા પ્રધાનશ્રી ઉવાચ)

## ચિંતન

**પ્રારંભ્યતે ન ખલુ વિઘ્નભયેન નીચૈઃ । પ્રારંભ્ય વિઘ્નનિહિતા તિરમન્તિ મધ્યાઃ ।**
**વિઘ્નૈર્મુહર્મહુરપિ પ્રતિહન્યમાનાઃ પ્રારંભ્યમુત્તમજનાઃ ન પરિત્યજન્તિ ॥**

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે. અધમ પુરુષો-નીચી કક્ષાની વિચાર શ્રેણી ધરાવનારા આળશના પોષક લોકો તો સામે પડેલું કામ જોઈને જ હારી હતાશ થઈ જાય મારાથી આ નહીં જ થાય એવા ડરથી કામને હાથમાં જ નથી લેતા.

જયારે મધ્યમ કક્ષાના લોકો શંકા કુશંકાની દ્વિધા સાથે કામ હાથમાં લે તો છે પણ પોતાના આત્મવિશ્વાસ અને આત્મબળના અભાવે એકાદ નાનું વિઘ્ન આવે કે તરત જ બીજું કંઈ પણ વિચાર્યા વિના કે વધારે પ્રયત્ન કર્યા વિના પડતું જ મૂકી દે છે.

પરંતુ ઉત્તમ પ્રકારના ધીરજવાન-પરિશ્રમી અને આત્મશ્રધ્ધા-વિશ્વાસ ધરાવનારા લોકો હાથમાં લીધેલું કામ મકકમ મનોબળથી ગમે તેટલાં વિઘ્નો આવે છતાં કામ પડતું મૂકતા નથી અને સફળતા પ્રાપ્ત થાય ત્યારે જ સંતોષ મેળવે છે.

સામાજિક સેવાભાવથી નિઃસ્વાર્થ રીતે કામ કરતી સેવાભાવી સંસ્થાઓ, સ્વચ્છ-પ્રમાણક નેતા, સેવકો, સાધુ-સંત-સજ્જનો જે કાર્ય હાથમાં લે છે તેની ટીકા-આલોચના કરનારા ઈર્ષાળુ લોકો આ સમાજમાં અનેક છે. આવી ધોબીઓની ટીકા સાંભળીને હાથમાં લીધેલું પવિત્ર-સેવાનું કાર્ય કંઈ પડતું ન મુકાય. આ શ્લોકનો સંદેશ માત્ર આ જ છે.

## સુવિચાર

- તન અને મનને શુધ્ધ વાતાવરણ અને શુધ્ધ આહાર વિહાર આપવા લાગશો એ બેવને નિરામય નિરોગી બનાવશો તો અશુધ્ધિ તરફ એનું આકર્ષણ આપો આપ હટી જશે **- રમેશ ઓઝા**
- બધા શાસ્ત્રોના શબ્દોમાં જેટલી ઊર્જા છે, સર્જકતા છે એના કરતા અનેકગણી વધારે ઊર્જા અને સર્જકતા મૌનમાં છે **- દલાઈ લામા**
- મરણીયા થઈને પ્રયત્ન કરવો હોય તો રોજિંદા જીવનમાં આપણા વ્યવહારમાં આપણા વિચારોમાં જયાં જયાં વિસંગતતા હોય એના નિરાકરણ કરવાનો પ્રારંભ કરો **- આદિશ્વર ભગવાન**
- જીંદગીના પ્રશ્નો તમે હૈયા ઉકેલથી અને પોતાની કોઝાસૂઝથી જ ઉકેલી શકો છો, એકલા બુધ્ધિ તત્વ અને સિધ્ધાંતોથી ઉકેલી શકતા નથી. અને એ સમજણ અને કોઠાસુઝ પરમાત્માએ ભેટ રૂપે તમારા મારા સૌના હૈયામાં મુકેલી જ છે **- પૂજય મોટા**
- ચિંતામાંથી ભય અને ભયમાંથી અસંતુલન પેદા થાય છે **- તમિલ કહેવત**

## બોધ કથા

આજકાલના 'જાગૃત' કહેવાતાં વાલીઓ પોતાનું સંતાન અભ્યાસમાં મોખરે રહે, ટકા લાવે એની તો ચિંતા કરે એ સ્વાભાવિક છે પરંતુ બધી જાતની સ્પર્ધાઓમાં ભાગ લે એમાં ચંદ્રક-ઈનામો-એવોર્ડ મેળવે એના માટે 'જાતે' પણ સાર્થક બની પ્રેરણા-પ્રોત્સાહન આપવાને બદલે બાળકની કાંખઘોડી બની જાય-સ્પર્ધાના નિર્ણાયક કોણ છે એ પણ કંઈક મદદરૂપ થઈ શકે કે કેમ વગેરે છેડા તપાસી લઈ 'ઈનામ' ની વ્યવસ્થા વિચારી લે છે.

**ચૌદ વર્ષની એક નિદોર્ષ કન્યા એ પોતાની સ્કૂલમા આયોજિત નિબંધ સ્પર્ધામાં ભાગ** લીધો. નિબંધ જાતે ઘેરથી લખીને આપી દેવાનો હતો. કન્યા વિદ્વાન-લેખક-વિચારક પિતા પાસે ગઈ અને કહ્યું 'આ વિષય પર મને નિબંધ લખી આપો' મારી શાળાની નિબંધ સ્પર્ધામાં પ્રથમ ઈનામ મને જ મળવું જોઈએ.

પિતાશ્રીએ જવાબ દીધો-બેટા, જિંદગીમાં આવી સ્પર્ધાઓ અને કસોટીઓ તો અનેક આવવાની છે તારે માત્ર એકવાર જ 'વિજયી' થઈ બેસી રહેવું છે કે હંમેશા 'સફળ' થવા ઈચ્છે છે? તું જાતે સુંદર કલ્પના કરી સારું લખી જ શકે છે, પ્રયત્ન કરી લખી આવ, જરૂર હશે તો હું મઠારી આપીશ.

અને આ કન્યાએ જાતે નિબંધ લખ્યો. પ્રથમ ઈનામ મેળવ્યું આ કન્યાનું નામ 'અનિતા કરવલ'. ગુજરાત રાજયના ચૂંટણી અધિકારી-સફળ લેખિકા થયાં, તેમનું 'થીંક એવરેસ્ટ' નામનું પુસ્તક પણ પ્રખ્યાત છે. Email - sureshch andrabhatt18@gmail.com

# આવો નવા વર્ષમાં આપણે સંકલ્પ કરીએ કે આપણાં આવા ભવ્ય પ્રાકૃતિક વારસાની જાળવણી માટે પ્રવાસનવૃત્તિને કાબુમાં રાખીએ

## વન્યસૃષ્ટિ પરિચય
### આપણા પર્વો - આપણું પર્યાવરણ

- હેમંત સુથાર

નવા વર્ષનો પ્રારંભ થઇ ચૂક્યો છે. ઠેરઠેર એકબીજાને નવા વર્ષની શભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. મહાનૃત્યોત્સવ નવરાત્રીમાં શક્તિની નવ દિવસ સતત આરાધના કરીને શ્વેત શરદપૂનમના શીતળ શ્વેત દૂધ-પૌંઆ ખાઇને તાજામાજ થઇને એક અંતરાલ બાદ દિપાવલીના પંચપર્વો વાઘબારસ, ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી અને બેસતાંવર્ષની પધારમણીમાં પ્રજા પરોવાઇ જાય છે.

આપણાં પર્વો, ઉત્સવો, તહેવારો, જીવન, સંબંધો અને સમાજમાં એક નવીન તાજગી, ઉત્સાહ અને જીવંતતા પ્રસરાવી દે છે. આ સાથે-સાથે તેની ઉજવણીની રીત અને તેની આડ અસરો બાબતે એક પ્રશ્ન **જરૂર પેદા થાય છે અને તે છે શું આપણાં તહેવારો - ઉત્સવો "પર્યાવરણ** મિત્ર" ઇકો ફ્રેન્ડલી છે? તેનો ઉત્તર 'ના' માં આવે છે. પર્યાવરણીય તત્ત્વો **કે ઘટકોનું મહત્વ સમજવા અને તેનું રક્ષણ કરવા માટેનો જ છે.** પરંતુ આજે આપણાં તહેવારોની ઉજવણીઓ દેખાદેખી, મોટાઇ, સ્રોતોનો બગાડ અને પ્રદૂષણ મુક્ત નથી. આપણાં તહેવારોને મર્યાદાપૂર્ણ રીતે સમજદારીથી હાનિરહિત રીતે ઉજવવામની સમજ આપણામાં નથી.

નવરાત્રીના નવ દિવસમાં વિજળી અને ઇંધણના વપરાશનો વ્યય વધી જાય છે. સમગ્ર રાત્રી દરમિયાન ધ્વનિ, પ્રકાશ અને હવાનું પ્રદૂષણ ફેલાતું રહે છે. નાના બાળકો બિમાર વ્યક્તિઓ અને વૃદ્ધો માટે અવાજનું પ્રદૂષણ અસહ્ય હોય છે. તેનો વિચાર થતો નથી, ચિંતા કરાતી નથી. ત્યારે નાના-મોટા જીવજંતુઓ પક્ષીઓ અને પ્રાણીઓ માટે વિચારવાનો પ્રશ્ન જ રહેતો નથી. રાત્રી દરમિયાન વીજળીના વધુ પડતાં પ્રકાશને કારણે કુદરતી રીતે જ થતી રાત્રી દરમિયાનની હવા શુદ્ધિકરણની પ્રક્રિયા ખોરવાઇ જાય છે. રાત્રી દરમિયાન આકાશમાં ફેલાતો વધુ પડતો પ્રકાશ પણ પ્રદૂષણ ફેલાવે છે તેવું બહુ ઓછા લોકોને ખબર છે.



નવરાત્રીમાં રાત્રીના ૧૧ કે ૧૨ પછી તીવ્ર અવાજવાળી સાઉન્ડ સિસ્ટમો વગાડીને ગરબા ન ગવડાવવા માટે સરકારશ્રી દ્વારા પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે. તેનું પાલન કરવામાં કોઇ જ ગંભીરતા કોઇ કક્ષાએ જણાતી નથી. દિવાળીના દિવસોમાં પણ ફટાકડા ફોડીને અવાજનું પ્રદૂષણ ન ફેલાય તે માટે સમયમર્યાદા જાહેર થાય છે તેનું પાલન પણ થતું નથી. ઓછા માઇક્રોન વાળી પાતળી પ્લાસ્ટીકની થેલીઓ ન વાપરવા માટેનો કાયદાનો અમલ કરવા માટે પણ કોઇ રાજી નથી.

હિંદુ સહિતના જૈન, ઇસ્લામ, શીખ એવા અન્ય તમામ ધર્મોએ જે વ્રતો, ઉપવાસો, જાતિઓ - રીતિઓ, પૂજા પદ્ધતિ, પરંપરાઓનો ઉલ્લેખ કર્યો છે તે ચીલાચાલુ મત-મતાંતરો કે ભેદભાવો કરવા માટેનો નથી. ધર્મો પર્યાવરણીય ઘટકો - તત્ત્વોની પૂજા, મહાત્મ્ય અને જાવળણીપૂર્ણ જીવન રીતિ - જીવન ચર્યાના માર્ગદર્શકો છે. ધર્મોમાં મૂળ સંદેશને આપણે સમજતાં નથી. જૈન કે ઇસ્લામ ધર્મોમાં પ્રકૃતિના તત્ત્વોની રક્ષાના અગણિત માર્ગો દર્શાવ્યા છે. ત્યારે હિંદુ ધર્મ તો પ્રકૃતિના તત્ત્વોની પૂજા અને મહાત્મ્ય આધારીત જ કહી શકાય.

શરદપૂનમની ઉજવણી શા માટે કરવા કડવા ચૌથ કે ગણેશ ચોથના દિવસે ચંદ્રના દર્શન શા માટે કરવાનાં? ઇસ્લામમાં પણ ચંદ્ર આધારે મહિનાઓ, રોજા કે ઇંદ કેમ નક્કી કરાયા છે ? છઠ્ઠને દિવસે સૂર્યની પૂજા કેમ થાય છે ? ચંદ્ર કે સૂર્ય ગ્રહણ માટે વિવિધ માન્યતાઓ કેમ છે ? સૂર્ય અને ચંદ્ર જેવા પ્રકૃતિના તત્ત્વો ને લોકો જૂએ, તેનું મહત્વ સમજીને તેની પૂજા કરે તેના માટેનો આ પ્રસાય છે. પ્રયોગ છે. પ્રાણીઓ અને વનસ્પતિઓની પૂજા થાય તે માટે પણ વિવિધ વ્રતો ગોઠવાયા છે.

વાઘબારસમાં 'વાઘ' શબ્દ શેના માટે છે? કૌળી ચૌદસને દિવસે વડા-ભજીયા-પુરી સંધ્યાકાળે ચૌરે-ચોટે કેમ મુકવામાં આવે છે?

**બેસતા વર્ષનાં દિવસે ઘરમાં માટીના કેમ મુકવામાં આવે છે? સમજી** શકાતું નથી. કોઇ વડીલને પૂછીએ તો કહે છે કે ઘરમાં કજીયો - કંકાસ - કકળાટ અને પનોતી કાઢવા માટે આવુ ંકરવામાં આવે છે. આ કડીયો **- કંકાસ અને કકળાટ છે શું?**

દિવાળીના તહેવારો ગયા પછીના રસ્તાઓ પર ઠેરઠેર કચરાઓના ઢગ ખડકાય છે. ફટાકડાથી થતાં ધ્વનિ અને વાયુ પ્રદૂષણથી વાતાવરણ દૂષિત થયેલું અનુભવાય છે પ્રાકૃતિક સ્થળો પ્રવાસીઓથી ઉભરાય છે. આવા સ્થળોએ રહેવા, ખાવા-પીવા અને હરવા-ફરવાના કારણે આ સ્થલો ગંદકીના ઘરો બની જાય છે. ખાસ કરીને સાસણ, સાપુતારા, પોળો, જેસોર, જાંબુઘોડા, કે રતનમહલ જેવા પ્રાકૃતિક સ્થળો એ તે વિસ્તારની ક્ષમતા બહારના હજ્જારો લોકોની ભીજ જમા થાય છે.

પ્રાકૃતિ સ્થળોએ લોકો શા માટે જાય છે? મોટા ભાગના લોકો આટલી વાત સમજતાં હોતા નથી. આવા સ્થળોના જંગલો, નદીઓ, પચડો અન પશુ-પક્ષીઓને આપણાં જવાથી શું લાભ થાય છે? શું આપણે પ્રાકૃતિક સ્થળોની મર્યાદા કે નીતિ-નિયમો જળવાય તેવું વર્તન કરીએ છીએ? આપણાં ઉત્તમોત્મ ગણતરીના આંગળીના વેઢે ગણાય તેવા આવા પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતાં સ્થળોએ સાદગીપૂર્ણ રીતે ઓછામાં ઓછી સગવડો સાથે, તેની નૈસર્ગિક અવસ્થામાં માણવાને બદલે વાહનોનાં કાફવા, ફાસ્ટફૂજની જયાફતો, અદ્યત સુખ-સગવડો ભરી હોટલોની માંગ - ઇચ્છા કરવામાં આવે છે.

આવા પ્રાકૃતિક સ્થળોએ ખરેકર મનની શાંતિ, શુદ્ધ હવા અને ત્યાંના કૂદરતી સૌંદર્યને માણવા જતાં હોઇએ ત્યાં આવા હજ્જારો લોકોના ગાડરીયા પ્રવાહને કારણે કંઇક મળતું નથી. ફક્ત દેખાદેખીથી કરાતાં આવા પ્રવાસોથી રજાઓમાં કે તહેવારના દિવસોમાં **આવા સ્થળોને આપણે તેની પ્રાકૃતિક અવસ્થામાં "જૈસે થે" સ્થિતિમાં** જાળવી રાખવા માંગતા નથી. આવા અંતિમ - મર્યાદિત સ્થળોને દૂષિત કરીને પછી આપણે કાયં સ્થળોએ દૂષિત કરીને પછી આપણે કયાં **જઇશું? ખરેખર આવા સ્થલોએ હલ્લાગુલ્લા, પિકનિક, ઉજાણીઓ, પાર્ટીઓ** કે મેળાઓ-ટોળાઓ માટેની જગ્યા નથી. આવી જગ્યાએ નિરવશાંતિ, **મનની પ્રસન્નતા એકલાની અનુભૂતિ માટેની છે. તે વાત સમજીએ...**

આવો નવા વર્ષમાં આપણે સંકલ્પ કરીએ કે આપણાં આવા ભવ્ય પ્રાકૃતિક વારસાની જાળવણી માટે પ્રવાસનવૃત્તિને કાબુમાં રાખીએ. પ્રાકૃતિક તત્ત્વોને હાનિના પહોંચે તે રીતે ભ્રમણ કરીએ અને આવા પ્રાકૃતિક પ્રવાસન સ્થળો અને આપણી આસપાસના પર્યાવરણને દૂષિત કર્યા વગર રહેતાં - ફરતાં - વર્તન કરતાં શીખીએ....

નૂતન વર્ષાભિનંદન - સ્થળ પર્યાવરણથી સદાનંદ

# નાણાકીય સહાય કરવાથી જમીનમાં હક્ક મળતા નથી

## વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

મિલકતની તબદિલી અંગે નાણાકીય સહાયપુરી પાડવી. તેમજ પક્ષકારો વચ્ચે થતાં કરારો સારાખત સમાજમાં મોટાભાગના લોકો સાથે અરસપરસ સંકળાયેલ બાબત છે. આવી બાબણો આપણાં ભવિષ્યને પણ નિયંત્રિત કરતી હોય છે. રોજિંદા જીવનમાં વ્યવહારમાં નાણાંકીય આપલેના વ્યવહારો થતા હોય છે. તેમજ ઘણી વખત કંઇક જમીન મિલક્ત ખરીદતી વખતે નાણાંની જરૂરિયાત ઉપસ્થિત થાય છે. આથી મિલકત ખરીદનાર વ્યક્તિ અન્ય વ્યક્તિ પાસેથી હાથ ઉછીના નાણાં લે છે. અને મિલકત ખરીદે છે આવુ ફાયનાન્સ કરનાર ઘણાં લોકોનો ધંધો ખૂબ જ મોટા પાયા ઉપર ચાલું છે. પરંતુ કોઇને માત્ર નાણાંકીય સહાય કરવાથી તેની જમીન મકામાં સહાય કરનારનો કોઇ હક્ક અધિકાર ઉત્પન્ન થઇ જતો નથી. આ રીતે નાણાકીય સહાય કરવાથી સહાય મેળવનાર વ્યક્તિની મિલકતમાં કોઇ જ હક્ક ઉત્પન્ન થઇ શકતો નથી. તેમજ જમીન મિલકત અંગે ચાલનાર દાવામાં પણ ફાયનાન્સ કરાર જરુરી પક્ષકાર ગણાય નહીં. પરંતુ નાણાં વસૂલ માટે નાણાં ધિરનાર, નાણાની વસૂલાત માટે નાણા સ્વીકારનાર ઉપર દાવો કરી શકે છે.

ના. ગુજરાત હાઇકોર્ટના તાજેતરમાં ચુકાદામાં જણાવ્યા મુજબ કંપનીએ ગામ ખોરજ તા. આણંદની અમદાવાદની જુદા જુદા સર્વે નંબરો વાળી જમીનો ખરીદવાનું નક્કી કરેલ આ અંગે જમીન માલિકો અને કંપની વ્યચે ૧-૧-૯૪ ના રોજ રજી-વેચાણ અંગેના કરારો પણ કરવામાં આવેલા. પરંતુ ત્યારબાદ કોઇ કારણોસર કંપની અને જમીન માલિકો વચ્ચે તકરાર ઉપસ્થિત થતાં કંપનીએ ૧-૮-૯૪ ના રોજ કરારના વિશેષ પાલન અંગેના દાવાઓ ખેડૂતો જમીન માલિકો વિરૂદ્ધ સિવિલ કોર્ટમાં દાખલ કરી દાદ માગેલ. સદર હું દાવા કામે કંપનીને હાથ ઉછીના નાણા આપનારાઓએ પાસે સદર હું જરૂરી પક્ષકારો છે તેથી તેમને સદર હું દાવામાં પક્ષકાર તરીકે દાખલ કરી સાંભળવા જોઇએ. કારણ કે સદર હું જમીનમાં ત્રાહિતનો હક્ક હિત પોષાય છે તે રીતની રજૂઆત કરતા જણાવેલ છે કે કંપનીને જમીન ખરીદવા માટે નાણાની જરૂરિયાત પડતા અમોને કંપનીને જમીન ખરીદવા માટે પૂરતું ફાઇનાન્સ કરેલ છે. પરંતુ કરારમાં અમો પક્ષકાર કે કન્ફર્મીંગ પાર્ટી તરીકે છીએ નહીં. પરંતુ સદર હું કંપનીમાં અમારો હિત હોય અમોને સદર હું વાદવાળી જમીનના દાવાના કામે પક્ષકાર તરીકે જોઇએ તેવી રજૂઆત કરતા થર્ડ પાર્ટી અરજદારોની ઉપરોક્ત રજૂઆત મુજબ ૧-૮-૯૪ ના રોજ કરાર વાળી જમીનોના કો.પાર્ટનર અને સહહિસ્સેદાર ગણાય તેમજ કરારવાળી જમીનોમાં તેઓ તમામ હિત ધરાવનાર પક્ષકાર ગણાય આથી તેઓ તમામ સિવીલ કોર્ટ સમક્ષના દાવાઓમાં યોગ્ય અને જરૂરી પક્ષકારો હોય તેઓને તમામને સિવિલ કોર્ટના દાવાના કામે પક્ષકાર તરીકે જોડવા દાદ માગતી અરજી ના.કોર્ટને રજૂ કરેલ.

ઉપરોક્ત થર્ડ પાર્ટી પક્ષકાર તરીકે દાખલ કરવાની અરજી અનુસંધાન મે. અમદાવાદ રૂરલના સિવિલ કોર્ટ સમક્ષના દાવાઓનાં કાળે તા.૯-૯-૧૧ ના રોજ અંતરીમ હુકમ કરી તેઓની તમામ અરજી રદ કરવાનો હુકમ ના. સિવિલ કોર્ટે કરેલ અને જણાવેલ કે પક્ષકારોનું કંપનીના લેણા અંગે હિત છે જમીન અંગે નહીં. તેથી સદર હું વાદવાળી જમીન અંગેના દાવામાં પક્ષકાર તરીકે જોડી શકાય નહીં. સદર હું હુકમથી નારાજ થઇ પક્ષકારોએ ના. ગુજરાત હાઇકોર્ટમાં સદર હુ હુકમને પડકારથી પીટીશન દાખલ કરેલ અને નીચલી કોર્ટનો હુકમ રદ બાદલ ઠરાવી સદર હું જમીનના દાવાના કામે જરૂરી પક્ષકારો C.P.C.01 Rule 10 મુજબ કરાવવા દાદ માગેલ.

ના. ગુજરાત હાઇકોર્ટ એવા તારણ ઉપર આવેલ કે હાલના કેસના પીટીશનરો અને તા. ૧-૮-૯૪ ના રોજ કરાર વાળી જમીનના માલિકો વચ્ચે કયારેય કોઇ પણ પ્રકારના લખાણો કરારો થયેલા નથી પક્ષકારો ગ્રીન સ્કાય ફાર્યસ પ્રા.લી. સામે પોતે ધીરેલા નાણાં વસૂલ કરવા માટે દાવો કરવાનો રસ્તો ખુલ્લો છે તેથી તેવા સંજોગોમાં ત્રાહિત ને નાણાં ધીરનારને જમીનના દાવા ના કાળે જરૂરી પક્ષકાર તરીકે જોડવા યોગ્ય નથી. તેમજ સિવિલ દાવાના કામે કંપનીને નાણાં ધીરનાર જરૂરી અને યોગ્ય પક્ષકાર નથી તેથી અમદાવાદ રૂરલના સિવિલ જજશ્રીએ કરેલ હુકમ પથાયોગ્ય છે.

તેથી ઉપરોકત કેસની સ્પષ્ટપણે ફલિત થાય છે કે કોઇને માત્ર નાણાંકીય સહાય કરવાથી તેની જમીન મિલકતોમાં સહાય કરનારનો કોઇ જ હક્ક અધિકાર ઉત્પ્ન થઇ જતો નથી આ રીતે નાણાંકીય સહાય કરવા માત્રથી સહાય મેળવનાર વ્યક્તિની જમીન મિલકતમાં કોઇને હક્ક અધિકાર મળતો નથી. તેથી મિલકતને લગતા દાવામાં આવી વ્યક્તિ જરૂરી પક્ષકાર બની શકે નહીં. લેણા વસૂલ કરવા માટે જેતે વ્યક્તિ સામે ખરીદ દાવા કરવા જોઇએ અન્ય ત્રાહિત વ્યક્તિની જમીનમાંથી વસૂલ કરી શકાય નહીં.

# બાપુજી આ ઝેરની પડીકી નથી પરંતુ મીઠા માવાની પડીકી છે, અમારે ફક્ત તમારી સંમતિ જ મેળવવી હતી તેથી ઝેરની પડીકી છે, એમ કહ્યું હતું

## અંતે આપણે જીતી ગયા
### હાસ્યરસિક લઘુકથા

- નિરંજન ઓઝા

રમણ અને મગન, ભાવનગર શહેરના ભગા તળાવ પાસેની રામરાય વકીલની શેરીમાં રહે છે. આર્થિક રીતે સાધારણ તેવી જ રીતે અભ્યાસમાં પણ સાધારણ એવા રમણ અને મગન બચુ દૂધવાળાની દુકાન પાસે આવેલ નિલકંઠ મહાદેવના પટાગણમાં ચાલતી સરકારી શાળામાં અભ્યાસ કરે છે. પ્રાયમરી લેબલનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી, નામદાર કોર્ટની સામે મ્યુનિસિપાલિટીની હલુરીયા ચોકમાં આવેલ શાળામાં માધ્યમિક લેવલના અભ્યાસ કરે છે. અભ્યાસ પૂર્ણ કરતાં રમણ તેમજ મગન હવે સરકારી શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવે છે. રમણ કોમર્સમાં તેમજ મગજ આર્ટસમાં પ્રવેશ મેળવે છે. રમણ કોમર્સમાં તેમજ મગન આર્ટસમાં અભ્યાસ શરૂ કરે છે. અભ્યાસની સાથે નોકરી કરવાના સિદ્ધાંત પ્રમાણે રમણ માધવ કોમ્પલેક્ષમાં આવેલ દેસાઇ ફાઇનાસિયલ સી.એ.ની ફર્મમાં સર્વીસ જોઇન કરે છે. જયારે મગન ગજાનન આગડીયાની ઓફિસમાં સર્વીસ શરૂ કરે છે.

સમય પાણીની માફક પસાર થઇ જાય છે તે મુજબ, રમણ તથા મગન અભ્યાસ પૂર્ણ કર્યા પછી થોડા સમયમાં બે પાંદડે થતાં, રમણ ઘોઘા સર્કલ પાસે આવેલ દેવલ એપાર્ટમેન્ટમાં ભોયતળિયે ફ્લેટ લે છે. જયારે મગન તેની બાજુમાં આવેલ શાશ્વત ફ્લેટમાં ભોયતળીયે ફ્લેટ લે છે. આમ બંને અલગ અલગ એપાર્ટમેન્ટ/ફ્લેટમાં રહેતા હોવા છતાં સામ સામે રહેઠાણ મેળવે છે. દરમિયાન રમણનો દીકરો મહેશ અને મગનની દીકરી અલ્કા, એક જ કોલેજમાં અભ્યાસ કરતાં હોવાથી તેમજ જૂના સંબંધોને લીધે એકબીજાના ઘરે આવવા જવાનું ચાલું રાખે છે.

એક દિવસ રજાને દિવસે સવારના ૯ થી ૧૦ ના સમયે, હવે પુરેપુરા સંસારી થતાં રમણને બદલે રમણલાલના પત્ની, સવારના ચાહ-નાસ્તા માટે ઉઠાડતાં કહે છે કે સાંભળો છો ? અરે તમને કહું છું સાંભળો છો, આમ કયાં સુધી સુતા કહેશો. જરા ઉઠો તમને આજે એક અગત્યની વાત કહેવાની છે. આજે આપણા મહેશે પેન્ટ ધોવા નાખ્યું છે. તેમાંથી બે સિનેમાની ટીકીટો નીકળી છે. મને લાગે છે કે આપણો મહેશ, સામે રહેલાં મગનલાલની દીકરી સાથે ફરતો લાગે છે. આ સાંભળતાં જ રમણલાલ સફાળા જાગી જાય છે. અને શું કહ્યું આપણો મહેશ, પેલાં મગનલાલ હડકાની દીકરી સાથે ફરે છે ?

હવે આપણે મગનલાલને ત્યાં ડોકીયું કરીએ - આજે ઉઠવું છે આમ પડ્યા રહેવું છે. હવે પુરેપુરાં સંસારી થતાં મગનને બદલે મગનલાલને ઉઠાડતાં તેમના પત્ની કહે છે - તમે દીકરીના બાપ થયા છો તો થોડું ઘરમાં ધ્યાન આપો, આજે આપણી અલ્ગા બ્લાઉઝમાંથી એક ચીઠ્ઠી નીકળી છે. તેમાં લખ્યું છેકે આજે બપોરે ત્રણના શોમાં નટરાજ ટોકીઝમાં મળજે. અને તો લાગે છે કે આપણી અલ્કા સામે રહેતા રમણલાલના દીકરા મહેશ સાથે ફરતી હોય તેમ લાગે છે તો હવે આગળ તપાસ તો કરો, નહિતર પાછળથી પસ્તાશો.

રમણલાલનું નામ સાંભળી, સફાળા મગનલાલ જાગી જાય છે અને શું... કહ્યું આપણી અલ્કા પેલા શેર-દલાલ ફાકુ રમણલાલના દીકરા સાથે ફરે છે. આમ ગુસ્સામાં ને ગુસ્સમાં નાસ્તો ચાહ બાજુએ રહ્યો અને બહાર આવે છે, જયારે પેલી બાજુ પણ રમણલાલના ઘરમાં આ જ વાત ચાલતી હતી તે આપણે જાણીએ છે. તે પણ બહાર આવે છે મહાભારતમાં યુદ્ધમાં જેમ કૌરવો-પાંડવો સામસામે આવે છે તેમ હવે રમણલાલ મગનલાલ સામ સામે આવતાં મગનલાલ-રમણલાલ, તારો દીકરાને સમજાવી દે જે મારી ભોલીભાળી દીકરીને ફસાવવાની કોશિશ ન કરે. મારે મારી દીકરીને તારી જેવા ફાકુ શેરદલાલને ત્યાં વહુ તરીકે નથી મોકલવી.

આ સાંભળી રમણલાલ - જા... જા... હડકા મગનલાલ, તારી દીકરીને પણ સમજાવી દે જો કે મારા શિવજી જેવા ભોળા દીકરા મહેશ ઉપર જાદુટોણાં કરવાનું બંધ કરી દે, મારા દીકરાને તારી જેવા લે-આપ કરતાં કડકાં - ઉધારચંદને ત્યાં જમાઇ તરીકે નથી મોકલવો. આમ બંને પક્ષે શાબ્દીક યુદ્ધ ચાલી રહ્યું હતું ત્યાં મહેશ-અલ્કા દોડતાં - દોડતાં આવી રહે આવી રહે છે. અમને ખબર જ હતી કે આજે મહાભારતનું યુદ્ધ થશે. તમે અમને એક નહિ થવા દો તેથી આ ઝેરની પડીકી લઇને આવ્યા છીએ. અમે આ જન્મમાં એક નહિ થઇએ તો આવતાં જન્મમાં તો જરૂરથી એક થઇ જશું. આજે અમને મરતાં રોકતાં નહિ અમે સાથે મરીશું. મગનલાલ વચ્ચેથી - દીકરી તું ખોટી રીતે આના મોહપાશમાં આવી ગઇ છે, હજુ કહું છું કે માની જા, આનાથી સારૂ ઘર તને મળે તે માટે અમે પ્રયત્ન કરીશું. ત્યાં રમણલાલ - દીકરા તને ફસાવામાં આવે છે. તેથી ફસાતો નહિ. તારે માટે એક એકથી ચડિયાતી છોકરી અહી રહે તેથી કડકા મગનલાલની દીકરીનો મોહ છોદી દે.

આમ વાતચીત ચાલે છે તે દરમિયાન મહેશ - અલ્કા પડીકી ખોલવાની તજવીજ કરે છે. ત્યાં મગનલાલ - ઊભી રે... ઊભી રે... મારી એકની એક દીકીર, હું તો આ જીદ્દી રમણલાલથી ત્રાસી ગયો છું. મારે દીકરી ગુમાવી નથી તેથી રમણલાલ માની જા કહું છું માની જા. ત્યાં ના છૂટકે રમણલાલ - મારે એકનો એક દીકરો ખોવો નથી. મગનલાલ તારી હઠ છોડી દે, મારી હવે સમંતી છે. મગનલાલ હવે વધારે લપ્પ-છપ્પ કર્યા સિવાય લગ્નની તૈયારી શરૂ કરી દે.

આ સાંભળી મહેશે - અલકાં બંને સાથે હસતાં હસતાં કહે છે - બાપુજી આ ઝેરની પડીકી નથી પરંતુ મીઠા માવાની પડીકી છે. અમારે ફક્ત તમારી સંમતિ જ મેળવવી હતી તેથી ઝેરની પડીકી છે. એમ કહ્યું હતું. હવે તમારી સંમતી મળતાં ચાલ-ચાલ અલ્કા, ઘોઘા સર્કલ જઇ પાણીપુરી ખાઇએ કારણ કે 'અંતે આપણે જીતી ગયા.'